# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય

☎.(૦૭૯)૨૩૨૫૭૫૦૬(ઓ),
૨૩૨૫૪૩૩૭(અં)
૨૩૨૫૭૭૬૦(ફેક્સ)
E-mail : supt-tc-dat@gujarat.gov.in

"વિત્ત અને લેખા ભવન" બ્લોક નં-૭
ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર ૧૦ બી
ગાંધીનગર-૩૮૨૦૧૦

નંબર:-હિતિનિ/ટીસી/ફા.૧૩૧/૬૦૦૩(૪૩)/૫૬૩૯-૫૬૫૨ /૩૧-૧ ૩૫૨ તા. ૨/૬/૨૦૦૭

વિષય:- તિજોરી સુધારણા (Tresury Reforms) અન્વયે તાલુકા કક્ષાની ઓછુ કાર્યભારણ ધરાવતી ૮ (આઠ) પેટા તિજોરી કચેરીઓ તા.૧/૭/૨૦૦૭ થી બંધ કરવા બાબત.

**પરિપત્ર ક્રમાંક: ૨૧**

રાજ્યની પ્રવર્તમાન તમામ પેટા તિજોરી કચેરીઓની કામગીરીની સમીક્ષા કરી સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: તજર/૧૦૨૦૦૭/૫૫૩/ઝ તા.૧૪/૬/૨૦૦૭ અન્વયે નીચે દર્શાવેલ પેટા તિજોરી કચેરીઓ તા.૧/૭/૨૦૦૭ થી બંધ કરવા નિર્ણય લેવાયેલ છે. (નકલ સામેલ છે).

ઉક્ત ઠરાવ અન્વયે બંધ થતી ૮ (આઠ) પેટા તિજોરી કચેરીઓના કામકાજ અંગે નીચે દર્શાવ્યા મુજબની વૈકલ્પિક વ્યવસ્થા અત્રેના કાર્યાલય આદેશ ક્રમાંક: હિતિનિ/ટીસી/ફા.૧૩૧/૬૦૦૩(૪૩)/૫૩૪૧ થી ૫૩૪૮ તા.૨૫/૬/૦૭ અન્વયે ગોઠવવામાં આવેલ છે. જે જાણ સારું.

| અ.નં. | બંધ થતી પેટા તિજોરી કચેરી | વૈકલ્પિક વ્યવસ્થા |
|---|---|---|
| ૧ | ખાવડા (જિ.કચ્છ-ભુજ) | જિલ્લા તિજોરી કચેરી, ભુજ |
| ૨ | કોટડા-સાંગાણી (જિ.રાજકોટ) | પે.તિ.ક. ગોંડલ (જિ. રાજકોટ) |
| ૩ | ઘોઘા (જિ. ભાવનગર) | જિલ્લા તિજોરી કચેરી, ભાવનગર |
| ૪ | મૂળી (જિ.સુરેન્દ્રનગર) | પે.તિ.ક.સાયલા (જિ.સુરેન્દ્રનગર) |
| ૫ | વડાલી (જિ.સાબરકાંઠા) | પે.તિ.ક.ઈડર (જિ.સાબરકાંઠા) |
| ૬ | ઉમરાળા (જિ.ભાવનગર) | પે.તિ.ક. વલ્લભીપુર (જિ.ભાવનગર) |
| ૭ | સમી (જિ.પાટણ) | પે.તિ.ક. હારીજ (જિ.પાટણ) |
| ૮ | ભાભર (જિ.બનાસકાંઠા) | પે.તિ.ક. દિયોદર (જિ.બનાસકાંઠા) |

આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ અચૂક મોકલી આપવી.

(સહી) ૩/૬/૦૭
નાયબ નિયામક
(તિજોરી નિયમન)

પ્રતિ,

૧. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડંટ ફંડની કચેરી, ગાંધીનગર
૨. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
૩. શાખાધિકારીશ્રી, ................શાખા, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર

તિજોરી સુધારણા (Treasury Reforms) અન્વયે તાલુકા કક્ષાની ઓછું કાર્યભારણ ધરાવતી પેટા તિજોરી કચેરીઓ બંધ કરવા બાબત.

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૦૭-૫૫૩-ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૪-૬-૨૦૦૭

**વંચાણે લીધો :** (૧) હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગરનો તા.૧૦-૫-૨૦૦૭ નો પત્ર ક્રમાંક: હિતિનિ-ટીસી-ફા.૧૩૧-૬૦૦૩ (૪૩)-ટીઆર-૪૦૪૬

ઠ રા વ :-

રાજયની પ્રવર્તમાન તમામ પેટા તિજોરી કચેરીઓની કામગીરીની સમીક્ષા કરી તદ્દન ઓછું કાર્યભારણ ધરાવતી પેટા તિજોરી કચેરી સ્થાનિક પરિબળોને ધ્યાને લઇ જરૂર જણાયે બંધ કરવાનો નિર્ણય તિજોરી સુધારણા (Treasury Reforms) હેઠળ લેવામાં આવેલ છે. જે મુજબ, કચેરીઓનું કાર્યભારણ અર્થાત ઉપાડ અધિકારીઓની સંખ્યા, ચલણ અને બિલની સંખ્યા, સ્ટેમ્પ વેન્ડર તેમજ સ્ટેમ્પનું વેચાણ, પેન્શનરની સંખ્યા અને નજીકની પેટા તિજોરી કચેરીનું અંતર વિગેરે બાબતો ધ્યાને લઇ નીચે દર્શાવેલ આઠ પેટા તિજોરી કચેરીઓ તા.૧-૭-૨૦૦૭ થી તાત્કાલિક અસરથી બંધ કરવાનો નિર્ણય કરવામાં આવે છે.

(૧) ખાવડા- જિ. કચ્છ-ભૂજ
(૨) કોટડા- સાંગાણી-જિ. રાજકોટ.
(૩) ઘોઘા-જિ.ભાવનગર
(૪) મુળી- જિ. સુરેન્દ્રનગર
(૫) વડાલી- જિ. સાબરકાંઠા
(૬) ઉમરાળા, જિ.ભાવનગર
(૭) સમી- જિ.પાટણ
(૮) ભાભર-જિ.બનાસકાંઠા.

ઉપરોકત પેટા તિજોરી કચેરીઓ તા.૧-૭-૨૦૦૭ થી બંધ થતા તેની કામગીરી કઇ તિજોરી કચેરી સંભાળશે તેમજ આ તિજોરી કચેરીના હાલના મહેકમને સમાવવા અંગેની વૈકલ્પિક વ્યવસ્થા માટે નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવે છે.

આ અંગે ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૧૦ માં જરૂરી સુધારો કરવાની મંજુરી મળી ગયેલ છે. જે અન્વયે જાહેરનામુ હવે પછી અલાયદી રીતે કરવામાં આવશે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શૈલજા પટેલ
નાયબ સચિવ,
નાણા વિભાગ.

॥ ૨ ॥

01

॥ ૨ ॥

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- તમામ કલેકટરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી( ઓડીટ-૧), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી( એ. એન્ડ ઇ.),ગુજરાત રાજય, પો.બો.નં.૨૨૦, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ-૨), ગુજરાત રાજય, રાજકોટ.
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર / વડોદરા / નર્મદા.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ, જુના સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ,
- ગુજરાત રાજય નીરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ - નાણા સલાહકારશ્રીઓ.
- નાણા વિભાગની સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત).
- પસંદગી ફાઇલ, ગ-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ક - વર્ગ ફાળવણી.

---

- પત્ર દ્વારા.